મનો દિવ્યાંગ વ્યક્તિઓ માટે દિવ્યાંગતાનું ધોરણ ૭૫ ટકા કરવા તેમજ સેરેબલ પાલ્સી અને ઓટીઝમ સ્પેક્ટ્રમ ડિસઓર્ડર પ્રકારની દિવ્યાંગતા ઉમેરવા બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,

ઠરાવ ક્રમાંક-અપગ/૧૦૨૦૨૧/૫૪૫૬૯૦/છ.૧

સચિવાલય, ગાંધીનગર

તા.૦૩/૦૬/૨૦૨૧.

<u>વંચાણે લીધા</u>:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૧૮/૦૭/૨૦૨૦ ના ઠરાવ ક્રમાંક: અપગ/૧૦૨૦૨૦/૩૭૫૭૬/છ.૧

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૨૪/૧૧/૨૦૨૦ ના ઠરાવ ક્રમાંક : અપગ/૧૦૨૦૨૦/૩૭૫૭૬/છ.૧

(૩) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૧૮/૦૩/૨૦૨૧ ના ઠરાવ ક્રમાંક : અપગ/૧૦૨૦૨૦/૩૭૫૭૬/છ.૧

<u>આમુખ</u>-

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના ઠરાવથી ૮૦% થી વધુ માનસિક દિવ્યાંગતા ધરાવતા લાભાર્થીઓને આવકમર્યાદાના બાધ સિવાય માસિક રૂ.૧૦૦૦/- સહાય આપવા બાબતે કુલ રૂ.૧૦૮૦.૦૦ લાખ ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. આ યોજનામાં વિભાગના ક્રમાંક (૨) પરના ઠરાવથી જરૂરી સ્પષ્ટતા તેમજ શરતો ઠરાવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૩) પરના ઠરાવથી આ યોજનાનું નામ " બૌધ્ધિક અસમર્થતા

ધરાવતી (મનો દિવ્યાંગ) વ્યક્તિઓને આર્થિક સહાય " (" **Financial Assistance to Persons with Intellectual Disability (Mental Subnormality)"** એમ નક્કી કરવામાં આવેલ છે. ૮૦ ટકા કે તેથી વધુ બૌધ્ધિક અસમર્થતા/મંદબુધ્ધિ ધરાવતી દિવ્યાંગ વ્યક્તિને માસિક રૂ.૧૦૦૦ પેન્શન આપવાની યોજનામાં દિવ્યાંગતાની ટકાવારી ૮૦ ટકાથી ઘટાડીને ૭૫ ટકા કરવા અંગે તેમજ નેશનલ ટ્રસ્ટ એક્ટ હેઠળની સેરેબલ પાલ્સી અને ઓટીઝમ સ્પેક્ટ્રમ ડિસઓર્ડર (ચેતાતંત્ર ન્યુરોની વિકાસલક્ષી સ્થિતિમાં ક્ષતિ) નામની બન્ને દિવ્યાંગતા ઉમેરી તમામ ત્રણે પ્રકારની દિવ્યાંગતાને માસિક રૂ.૧૦૦૦/- પેન્શન આપવા બાબતની કુલ રૂ.૯૦૦/- લાખની નવી બાબતને વર્ષ ૨૦૨૧-૨૨ ના અંદાજપત્રમાં સૈધ્ધાંતિક મંજૂરી મળેલ છે, જે અન્વયે પ્રસ્તુત નવી બાબતને વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## <u>ઠરાવ:</u>

પુખ્ત વિચારણાને અંતે બૌધ્ધિક અસમર્થતા ધરાવતી (મનો દિવ્યાંગ) વ્યક્તિઓને આર્થિક સહાય યોજનામાં દિવ્યાંગતાની ટકાવારી ૮૦ ટકાથી ઘટાડીને ૭૫ ટકા કરવા તેમજ નેશનલ ટ્રસ્ટ એક્ટ હેઠળની સેરેબલ પાલ્સી અને ઓટીઝમ સ્પેક્ટ્રમ ડિસઓર્ડર (ચેતાતંત્ર ન્યુરોની વિકાસલક્ષી સ્થિતિમાં ક્ષતિ) પ્રકારની દિવ્યાંગતા ઉમેરી, ઉક્ત ત્રણેય પ્રકારની દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિઓને માસિક રૂ.૧૦૦૦/- પેન્શન આપવા બાબતે કુલ રૂ.૯૦૦/- લાખ ખર્ચ કરવા બાબતે નીચેની શરતોને આધિન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

<u>શરતો:</u>

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ ના નાણાકીય વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને અધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશ મેળવી લેવાના રહેશે.

(૮) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદ નીતિની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) આઈ.ટી.સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ અને ટેકનોલોજી વિભાગની વખતો-વખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) સરકારી કામમાં ખર્ચ અંગેના નાણા વિભાગના તા.૨૨/૦૬/૯૪ ના પરિપત્ર ક્રમાંક:ખરચ-૧૦૯૪-૨૬૦-ઝ.૧, તા.૨૦/૦૫/૯૬ ના ઠરાવ ક્રમાંક:ખરચ-૧૦૯૬-ઓ-૬૪૫-ઝ.૧, તા.૯/૯/૯૮ ના ઠરાવ ક્રમાંક:ખરચ-૧૦૯૮-૭૦૪-(૫૮)-ઝ.૧ તથા તા.૧૪/૦૮/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક:ખરચ-૧૦૨૦૧૦-૧૧૮-ઝ૧ અનુસારની તેમજ વખતો વખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૧) મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવવાની પૂરતી તકેદારી રાખવાની રહેશે.

(૧૨) આ યોજનાના અમલના ભાગરૂપે હાથ ધરવાની પ્રવૃતિઓ પૈકી જે પ્રવૃતિ હાથ ધરવા સરકારશ્રીની નિયત ગાઈડલાઈન્સ ન હોય ત્યાં તે હાથ ધરવા સક્ષમ કક્ષાએ મંજૂરી મેળવવામાં આવે તથા તંદુરસ્ત સ્પર્ધા જળવાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

(૧૩) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક:એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઈ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓ અને ત્યારબાદ વખતો-વખત થયેલ સુધારાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૪) આ અંગેનો ખર્ચ બજેટ હેડ માં.ક્ર.૯૨, મુ.સ. ૨૨૩૫-૦૨-૧૦૧-૦૧-એસએસડબ્લ્યુ-૫ હેઠળ રૂ.૬૭૫.૦૦ લાખ, માં.ક્ર. ૯૫, મુ.સ.૨૨૩૫-૦૨-૧૦૧-૦૧-એસએસડબ્લ્યુ-૫ હેઠળ રૂ.૧૩૫.૦૦ લાખ તથા માં.ક્ર. ૯૬, મુ.સ.૨૨૩૫-૦૨-૭૯૬-૦૫-એસએસડબ્લ્યુ-૦૫ હેઠળ રૂ.૯૦.૦૦ લાખ એમ કુલ મળી કુલ રૂ.૯૦૦.૦૦ લાખ પાડવાનો રહેશે.

આ મંજૂરી આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૫/૦૫/૨૦૨૧ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( જી. પી. પટેલ )
નાયબ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના અંગતમદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (કરકસર), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં-૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીની કચેરી, વિંગ ડી-૧, બ્લોક નં.૨, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણા અને વિકાસ નિગમની કચેરી, ૬ઠ્ઠો માળ, બ્લોક નં.૧, એ-૧ વિંગ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતે નિયામકશ્રી સમાજ સુરક્ષા).
- છ શાખા/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ.
- શાખા સિલેક્ટ ફાઇલ.